જીરવાબથી

[redacted]

ક્રમાંક: જી-૧/એસસીઆર/ ૪૧૨ /૦૯
**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,**
**પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨ ૦૧૮**
તા. ૭/૭/૨૦૦૯

**વિષય:** કાયદો અને વ્યવસ્થા અને ચકચારભર્યા ગુનાઓની માહિતી સ્ટેટ કન્ટ્રોલ રૂમને તાત્કાલિક પહોંચાડવા નવી વ્યવસ્થા ગોઠવવા બાબત.

**વંચાણે લીધા:** બોમ્બે પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ- ૨૩

**સ્થાયી હુકમ નં. ૨/૦૯**

એવું જોવામાં આવેલ છે કે, કાયદો અને વ્યવસ્થા અને ચકચારભર્યા ગુનાઓની માહિતી વારંવાર સૂચના આપવા છતાં સિનીયર અમલદારોને કે સ્ટેટ કન્ટ્રોલ રૂમને તરત જ આપવામાં આવતી નથી. જેના લીધે મીડીયા અને સરકારશ્રી તરફથી પૃચ્છા થતાં સ્ટેટ કન્ટ્રોલ રૂમ તરફથી તમામ ખેરિયત છે તેવા જવાબો આપવામાં આવતાં વર્તમાનપત્રોમાં પોલીસ ખાતાના સંદેશાવ્યવહારની પધ્ધતિની નિંદા થાય છે.

૨. આજના ટેકનોલોજીના યુગમાં જયારે તમામ સમાચારો મંત્રીશ્રીઓ, મીડીયાના પ્રતિનિધીઓ અને રાજયના, દેશના નાગરિકો બનાવના એક કલાકની અંદર ટીવી ઉપર જોઇ શકે છે, કે મોબાઇલમાં બ્રેકિંગ ન્યૂઝ વાંચી શકે છે. એવા સમયે જૂની પધ્ધતિ મુજબ એફ.આઇ.આર. દાખલ થયા પછી જ ઔપચારિક રીપોર્ટ કરવામાં આવે તે બાબત ઉચિત રહેલ નથી.

૩. ઉપરોકત કારણોસર એવો હુકમ કરવામાં આવે છે કે કાયદો અને વ્યવસ્થા કે ચકચારભર્યા ગુનાઓ અથવા ચકચારભર્યા બનાવોની માહિતીની જાણ અનૌપચારિક રીતે થાણા ઇન્ચાર્જ તાત્કાલિક મોબાઇલ ફોનથી સ્ટેટ કન્ટ્રોલ રૂમ અને જીલ્લા કન્ટ્રોલને કરશે. જીલ્લા કન્ટ્રોલ પણ સાથોસાથ માહિતીની અનૌપચારિક જાણ સ્ટેટ કન્ટ્રોલ રૂમને કરશે. એજ રીતે પોલીસ કમિશનર/પોલીસ અધીક્ષકશ્રીઓ ઉપરોકત બાબતે પોલીસ મહાનિદેશકશ્રીને મોબાઇલ ફોન ઉપર જાણ કરશે. લેખિત માહિતી પાછળથી મોકલવામાં આવે તેમાં વાંધો નથી અને લેખિત માહિતી સ્ટેટ કન્ટ્રોલ રૂમ રેકર્ડમાં લેશે.

૪. ટેકનોલોજીના યુગમાં પણ શિસ્ત વિષયક બાબતોમાં ચેઇન ઓફ કમાન્ડ રાખવી જરૂરી છે, પરંતુ કાયદો અને વ્યવસ્થા, ગુનાખોરી અને એપ્લીકેશનની બાબતોમાં તાત્કાલિક પગલા લેવાય તે માટે પોલીસ સ્ટેશન કક્ષાએ તાત્કાલિક અગ્રેથી, સ્ટેટ કન્ટ્રોલ રૂમમાંથી, સિનીયર અમલદારો મારફતે અને નાગરિકો તરફથી તાત્કાલિક માહિતી પહોંચે અને પગલાં લેવાય અને પોલીસ સ્ટેશન કક્ષાએથી ઉપરી અમલદારોને, સ્ટેટ કન્ટ્રોલ રૂમને, મીડીયાને લીધેલ પગલાંની સમયસર જાણ

કરવામાં આવે કે જેથી પ્રજાને એવી પ્રતિતી થાય કે પોલીસે ત્વરિત પગલાં લીધા છે તે પોલીસ ખાતાની ઇમેજ માટે અતિશય જરૂરી છે અને તેથી કાયદો અને વ્યવસ્થા, ગુનાખોરી અને અરજીઓની બાબતમાં ઉપરોક્ત પ્રથા દાખલ કરવા સૂચના આપવામાં આવે છે.

પ. આ પરિપત્રની નકલ દરેક પોલીસ સ્ટેશન, શાખા કક્ષા સુધી સરક્યુલેટ કરીને તેની નકલ પહોંચની અવેજમાં આ કચેરીને પાઠવવા સૂચના છે.

**(એસ. એસ. ખંડવાવાલા)**
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી, ગુ. રા., ગાંધીનગર

પ્રતિ

- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે, વડોદરા સહિત)

**નકલ રવાના (જાણ સારૂ):**

- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ સેનાપતિશ્રીઓ.
- રેકર્ડ શાખા, અત્રેની કચેરી

  ર- સ્થાયી હુકમ/પરિપત્રની ફાઇલમાં રાખવા સારૂ.

**નકલ રવાના:**

- નાયબ પોલીસ અધીક્ષકશ્રી/ તમામ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, સ્ટેટ કન્ટ્રોલ રૂમ.

  ર/- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: પીએસ/એડીજીપી/કાઅનેવ્ય/૩૯૪/ ૦૯, તા. ૬-૭-૨૦૦૯ મુજબ પગલાં લેવા સૂચના છે.

**(સુધીર સિન્હા)**
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા), ગુ. રા., ગાંધીનગર